ભારતીય જનતા પાર્ટી આયોજિત કિસાન હિત યાત્રા દસક્રોઇ પહોંચી હતી. જ્યાં આ યાત્રાનું સ્વાગત ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલે તેમજ ખેડૂત આગેવાનોએ કર્યું હતું. તે પ્રસંગની તસવીર તથા જાહેરસભાને સંબોધન કરતા શ્રી આર. સી. ફળદુ નજરે પડે છે.

રાજ્યમાં ગરમીમાં પુનઃ વધારો

અમદાવાદમાં તાપમાન વધીને ૩૭.૪ : કમોસમી વરસાદ બાદ તાપમાન બદલાતાં રોગચાળો પણ માથું ઉંચકી શકે

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીના પ્રમાણમાં ફરીએકવાર વધારો થતા શહેરીજનો પરેશાન થયા છે. બપોરના ગાળામાં આજે તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો જો કે સવારમાં આજે પણ ઠંડક જોવા મળી હતી. જો કે ગઈકાલની સરખામણીમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં ઉલ્લેખનીય વધારો થયો છે. તાપમાનમાં થયેલા ફેરફારના લીધે રોગચાળો ફરીએકવાર સકંજો જમાવે તેવી શક્યતા દેખાઈ રહી છે.

અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ગઈકાલે આવેલા કમોસમી વરસાદ પછી આજે ફરીથી ગરમીનું મોજું ફરી વળ્યું હતું. આજે ગરમીના પ્રમાણમાં એકાએક નોંધપાત્ર વધારો થયો હતો. રાજ્યમાં સૌથી વધારે ગરમી આજે વડોદરામાં ૩૯.૭ ડિગ્રી સેલ્સીયસ નોંધાઇ હતી.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે. જ્યારે અમદાવાદમાં આકાશ સ્વચ્છ અને મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૭.૪ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૧.૬ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૬૪ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૨૭ ટકા નોંધાયુ હતું. શહેરમાં આજે પણ ગરમીનું મોજું ફરી વળ્યું હતું અને નાગરીકોઓ ઘરમાં અને ઓફિસમાં જ રહેવાનું પસંદ કર્યુ હતું. રાજ્યમાં મહત્તમ તાપમાન વડોદરમાં ૩૯.૭ ડીગ્રી, સુરતમાં ૩૭.૦, રાજકોટમાં ૩૮.૪, ભુજમાં ૩૬.૩, પોરબંદરમાં ૩૬.૮, નલીયા ૩૩.૪, ભાવનગર ૩૭.૨, ડિસા ૩૬.૬, અમરેલી ૩૮.૯, ઇડર ૩૭.૭, વલ્લભ વિદ્યાનગર ૩૯.૪, ગાંધીનગર ૩૭.૫ ડિગ્રી નોંધાયું હતું.

પ્રદેશ કોંગ્રેસ સમિતિ અનુસૂચિત જાતિ વિભાગમાં કે.પી. સોલંકીની મહામંત્રી તરીકે વરણી

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અર્જુનભાઈ મોઢવાડીયા અને વિધાનસભાના કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શક્તિસિંહજી ગોહિલે નિવૃત્ત સેક્શન

ઓફિસર અને દલિત કર્મશીલ શ્રી કે.પી. સોલંકીની ક્ષમતા, કાર્યદક્ષતા, નિષ્ઠા અને વફાદારીને ધ્યાનમાં લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અનુસૂચિત જાતિ વિભાગના મહામંત્રી પદે વરણી કરી હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

શ્રી કે.પી. સોલંકીની મહામંત્રી તરીકેની વરણી બદલ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અનુસૂચિત જાતિ વિભાગના ચેરમેનશ્રી ઈશ્વરભાઈ મકવાણાએ પણ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, શ્રી સોલંકી તેમનો અમુલ્ય સમય અને અથાક પરિશ્રમ, રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સોનીયાજી, વડાપ્રધાનશ્રી મનમોહનજી, યુવા નેતા રાહુલ ગાંધી, રાષ્ટ્રીય મહામંત્રી અહેમદભાઈ પટેલ, પ્રભારીશ્રી મોહનપ્રકાશજી તથા પ્રદેશ મોવડીમંડળના સંગઠીત અને સંનિષ્ઠ પ્રયાસોને સફળતા અપાવશે અને દલિત સમાજ પણ કોંગ્રેસના વિજય માટે સહભાગી બનશે.

ગરીબોના હક્ક છીનવી લેવાના પ્રયાસ કેન્દ્રએ કર્યા છે : મોદી

ગાંધીનગરમાં ગુજરાત રાવળયોગી સમાજનું સંમેલન યોજાયું : સમાજ શક્તિ માટે યોગદાન આપનારનું કરાયેલું સન્માન : શિક્ષણ દ્વારા વ્યસનથી દૂર રહેવાની જાગૃતિ ફેલાવી શકાય

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કેન્દ્ર સરકાર ઉપર ગુજરાત રાવળયોગી સમાજના સંમેલનમાં આકરા પ્રહારો કર્યા હતા. સમાજ શક્તિ માટે યોગદાન આપનારનું સન્માન પણ કરવામાં આવ્યુ હતુ. મોદીએ બક્ષીપંચની સામાજિક-શૈક્ષણિક પછાત જાતિઓ માટેના ૨૭ટકાના અનામત લાભો છીનવી લઈને લઘુમતીઓને આપવાનો કેન્દ્ર પર આક્ષેપ કર્યો હતો.

રાવળ યોગી સમાજ જે બક્ષીપંચ વિકસતી જાતિમાં સમાવિષ્ઠ છે તેણે કેન્દ્ર સરકારે બક્ષીપંચ-સામાજિક-શૈક્ષણિક પછાત સમાજના ૨૭ ટકા અનામત લાભોમાંથી ચાર ટકા લઘુમતી માટે છીનવી લીધા તેનો વિરોધ કરતો ઠરાવ પસાર કર્યો તે સંદર્ભમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગરીબોના હક્કનું છીનવી લઈને પછાત સમાજોની આંતરડી કેન્દ્રની સરકારે કકળાવી છે તે સત્તાસુખ કઈ રીતે ભોગવી શકશે? ગુજરાતના બક્ષીપંચમાં સમાવિષ્ઠ વિચરતી-વિકસતી જાતિ રાવળ યોગી સમાજનું સંમેલન આપનારા ૧૦ મહાનુભાવોનું સન્માન અને અન્ય ૨૧ વ્યક્તિઓનું અભિવાદન મુખ્યમંત્રીના હસ્તે થયું હતું. આ ઉપરાંત રાવળ યોગી સમાજની પુસ્તિકા આપણો રાવળ સમાજનું આલેખન રાજેન્દ્ર રાવળે કર્યું છે. તેનું વિમોચન પણ મુખ્યમંત્રીએ કર્યું હતું.

રાવળ સમાજના વિકાસમાં સંગઠન શક્તિને એકત્ર કરવાના પ્રયાસને તેમણે બિરદાવ્યો

હતો. પોતાના ઘડતરમાં રાવળ સમાજનો મહત્વનો છે તેમ જણાવી નરેન્દ્ર મોદીએ રાવળ યોગી કેશુભાઈ-શંભુભાઈ-ગંગારામ ભાઈ જેવા શિક્ષકોનો ઋણસ્વીકાર આ પ્રસંગે કર્યો હતો.

શિક્ષણ દ્વારા વ્યસનથી દૂર રહેવાની જાગૃતિ કઈ રીતે આવે અને કુરિવાજોને તિલાંજલિ અપાય તેની ભૂમિકા મુખ્યમંત્રીએ આપી હતી. રાવળ સમાજ વિચરતી જાતિ છે અને સરનામા વગરના સમાજે પણ આ સ્થાયી પ્રગતિનો પથ અપનાવ્યો છે તેનો આનંદ વ્યક્ત કરીને મુખ્યમંત્રીએ સમાજની આ શક્તિને મહેનતકશ, સાત્વિકતાના ધોરણે આગળ વધવાના અનેક સૂચનો કર્યા હતાં. ગુજરાતનો વિકાસ એકાંગી નહી પણ સૌ સમાજસમૂહોને સ્વસ્થ રાખીને, સર્વાંગીણ વિકાસનો સંકલ્પનો રાજ્ય સરકારનો રહ્યો છે.

સૌનો સાથ સૌનો વિકાસનો મંત્ર સાકાર કરવા પ્રતિબદ્ધ મુખ્યમંત્રીએ વિચરતી જાતિની સ્થાયી વસાહતો ઉભી કરીને વાદી-મદારી, નટ બજાણીયા જેવી વિચરતી કોમોને વસાવી અને પોતાના બાળકોને ભણાવી રહ્યા છે તેની ફલશ્રુતિ વ્યક્ત કરી હતી.

પછાત સમાજના યુવાનોને હુન્નર કૌશલ્યની તાલીમ પ્રાપ્ત કરવા રાજ્ય સરકારના આઈટીઆઈ-કૌશલ્ય વર્ધનના અભ્યાસો ઉપાડી લેવા તેમણે અપીલ કરી હતી.

રાજ્ય સ્થાપના સુવર્ણ જયંતી ઉજવણી કામગીરી પૂર્ણ થતાં કાર્યાલય બંધ કરાયું

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત રાજ્ય સ્થાપના સુવર્ણ જયંતિ ઉજવણી કામગીરી પૂર્ણ થતાં આ કાર્યાલયને બંધ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

૧લી મે ૧૯૬૦ના દિવસના સોનેરી પ્રભાતના પ્રથમ કિરણ સાથે આપણું ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું અને શરૂ થઈ ગુજરાતની પ્રગતિની સફર વર્ષો વિતતા ગયા અને સમયની સફરની સાથે ગુજરાત રાજ્યે પણ પ્રગતિના એક પછી એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આ શ્રેષ્ઠતાના શિખર ભણીના પ્રયાણના તબક્કે વર્ષ ૨૦૧૦માં સુવર્ણજયંતિ ઉજવવાનું નક્કી કરેલ હતું અને આ ઉજવણીની શુભ શરૂઆત મુખ્યમંત્રીના હસ્તે ૧લી મે ૨૦૦૮ના રોજ અમરેલી ખાતે સ્વર્ણિમ સંકલ્પ જ્યોત રથ યાત્રા દ્વારા કરવામાં આવેલ હતી. ગુજરાત રાજ્ય સ્થાપના સુવર્ણ જયંતિ ઉજવણીની સમાપન કાર્યક્રમ સરદાર પટેલ સ્ટેડિયમ અમદાવાદ ખાતે ૧-૫-૨૦૧૧ના રોજના કરવામાં આવેલ અને ગુજરાત રાજ્ય સ્થાપના સુવર્ણ જયંતિ ઉજવણીની પુર્ણાહૂતિ થયેલ ત્યારબાદ ઉજવણીને લગતી આનુસાંગિક કામગીરી પૂર્ણ કરવા માટે આ કાર્યાલયની મુદત ૩૧-૩-૨૦૧૨ સુધી લંબાવવામાંઆવેલ. ઉજવણીને લગતી સમગ્ર કામગીરી પૂર્ણ થયેલ હોય આ કાર્યાલયને ૩૧-૩-૨૦૧૨ની તારીખથી બંધ કરવામાં આવેલ છે.

કૃષિ મહોત્સવ-૨૦૧૨ દરમિયાન હાજર

ખેડૂતોને બિયારણ અને જંતુનાશક દવાઓ પર પાંચથી દસ ટકા વળતર મળશે

ગાંધીનગર, તા. ૨૧

કૃષિ મહોત્સવ-૨૦૧૨ નો આરંભ તા.૬ મે-૨૦૧૨થી સમગ્ર રાજયમાં અને ગાંધીનગર જિલ્લામાં થવાનો છે. કૃષિ મહોત્સવ લોકભોગ્ય બની રહે અને યુવાઓ અને મહિલાઓ ખાસ કરીને આ મહોત્સવમાં જોડાય તેવા સુચારું આયોજન અર્થે તા. ૨૦/૦૪/૨૦૧૨ના રોજ જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ.ગાંધીની અધ્યક્ષતામાં એક બેઠક મળી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ.ગાંધીએ જણાવ્યું હતું કે, કૃષિ મહોત્સવ-૨૦૧૨ દરમ્યાન હાજર રહેલ ખેડૂતો,યુવાઓ અને મહિલાઓને સ્થાનિક ઇનપુટ ડીલરો, બીજ નિગમ, એગ્રો સર્વિસ સેન્ટર, તાલુકા સંઘ-સહકારી મંડળીઓ દ્વારા કૃષિ ઇનપુટ જેવા કે સેન્દ્રિય ખાતર, સૂક્ષ્મતત્વો, -વાહી ખાતર, ગ્રોથ રેગ્યુલેટર, જંતુનાશક દવા, કીટક નાશક દવા, ફૂગ નાશક દવા, રોગ નાશક દવા, બાયો પેસ્ટીસાઇડ અને ખાનગી કંપનીઓ દ્વારા બિયારણ વગેરેમાં ૫ થી ૧૦ ટકા જેટલું વળતર આપવામાં આવશે. આ વળતર માટેની ફૂપન કૃષિ રથ સાથે આવેલી ટીમના કર્મચારીઓ દ્વારા ખેડૂતોને આપવામાં આવશે.

વોટરશેડ મેનેજમેન્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાત સ્ટેટ વોટરશેડ મેનેજમેન્ટ એજન્સી (જીએસડબલ્યુએમએ)ને વોટરશેડ મેનેજમેન્ટમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ આજે વર્ષ ૨૦૧૦-૧૧ માટેનો વડાપ્રધાનનો એવોર્ડ ફોર એકસેલેન્સ ઇન પબ્લિક એડમિનિસ્ટ્રેશન એનાયત કરવામાં આવ્યો હતો. જીએસડબલ્યુએમએને તેની પહેલ પાર્ટીસીપેટરી વોડરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ બદલ આ એવોર્ડ પ્રદાન કરવામાં આવ્યો હતો. સિવિલ સર્વિસ દિવસનાં અવસર પર આજે નવી દિલ્હી ખાતે જીએસડબલ્યુએમએના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર રામકુમારને વડાપ્રધાન ડો.મનમોહન સીંઘના હસ્તે આ એવોર્ડ પ્રદાન કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પર્યાવરણ વિભાગનાં અગ્રસચિવ એસ.કે.નંદા સામાન્ય વહીવટનાં અગ્રસચિવ અરવિંદ અગ્રવાલ, અધિક મુખ્ય વનસંરક્ષક રાજીવા, નિવાસી કમિશ્નર ભરતલાલ અને રાજ્ય સરકારનાં અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઇન્ટીગ્રેટેડ વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામજી આઈડબલ્યુએમપીનાં ગુજરાતભરમાં અમલીકરણ માટે ગુજરાત સ્ટેટ વોટરશેડ મેનેજમેન્ટ એજન્સી જીએસડબલ્યુએમએને નોડલ એજન્સી તરીકે નિમણુંક કરવામાં આવી છે. આઈડબલ્યુએમપીનો મુખ્ય ઉદ્દેશ્ય માટી, પાણી અને અન્ય સેન્દ્રિય પદાર્થોનાં સંરક્ષણ દ્વારા પર્યાવરણીય સમતુલા જાળવવાનો છે. જીએસડબલ્યુએમએનાં પ્રયત્નોને પરિણામે વરસાદી પાણીનો સંગ્રહ થશે અને ભુગર્ભ જળની સપાટી ઉંચે આવશે, વિવિધ પાક લઈ શકાશે અને વોટરશેડ વિસ્તારોમાં રહેતા લોકોને રોજગારી મળી રહેશે.

અમદાવાદ દેશના ડાયાબિટીસ પાટનગર તરીકે ઉભરી શકે છે

ડાયાબિટીસગ્રસ્ત લોકોની સંખ્યા ૬૨ મિલિયન : ગુજરાત અને ખાસ કરી અમદાવાદમાં છેલ્લા ચાર દશકમાં ડાયાબિટીસ દર્દીઓમાં ઉલ્લેખનીય વધારો નોંધાયો છે

અમદાવાદ,તા.૨૧

ભારતના ડાયાબિટીસ પાર્ટનર તરીકે અમદાવાદ ઉભરી રહ્યું છે. તાજેતરમાં જ જાણિતા ડાયાબેટોલોજિસ્ટ પદ્મશ્રી વી.મોહને આ અંગેની માહિતી આપતા કહ્યું છે કે ગુજરાત અને ખાસ કરીને અમદાવાદ દેશના ડાયાબિટીસ પાર્ટનર તરીકે ઉભરી રહ્યું છે. રિસર્ચ સોસાયટી ફોર સ્ટડી ઓફ ડાયાબિટીસ ઈન ઈન્ડિયાના પ્રમુખ ડૉક્ટર મોહન વડોદરામાં ડાયાબિટીસ રોગ અંગે લેક્ચર આપવા માટે પહોંચ્યા હતા. એમએસ યુનિવર્સિટી ખાતે તેઓએ ખૂબ જ મહત્વપૂર્ણ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા અભ્યાસની પ્રક્રિયા ગુજરાતમાં શરૂ થઈ નથી. તેમણે ઉમેર્યું હતું કે અમદાવાદના અગાઉના રેકોર્ડને ધ્યાનમાં લેવામાં આવે તો અમદાવાદ દેશના ડાયાબિટીસ કેપિટલ તરીકે ઉભરી આવશે. ૧૯૭૨માં ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચે ભારતના મોટા શહેરોમાં ડાયાબિટીસના આંકડા અંગે અભ્યાસની કામગીરી હાથ ધરી હતી. ચાર દશક પહેલા સુધી અમદાવાદમાં ડાયાબિટીસથી ગ્રસ્ત લોકોની સંખ્યા માત્ર ત્રણ ટકાની આસપાસ હતા. અન્ય મોટા ભારતીયની સરખામણીમાં આંકડો ઓછો હતો. તેમણે કહ્યું હતું કે હવે સ્થિતિ બદલાઈ છે. ઝડપી શહેરી કરણના કારણે ચિંતા પ્રવર્તિ છે પંજાબ, બિહાર, કર્ણાટક અને આંધ્રપ્રદેશ સિવાય ગુજરાત ઉપર પણ નજર રાખવામાં આવી રહી છે. તમિલનાડુ, મહારાષ્ટ્ર, ઝારખંડમાંથી આંકડા મળી ચુક્યા છે. આંકડા મુજબ ભારતમાં ડાયાબિટીસ ગ્રસ્ત લોકોની સંખ્યા ૬૨ મિલિયન જેટલી છે. જ્યારે ૭૭ મિલિયન લોકો પ્રિ ડાયાબિટીસ સાથે હદ ઉપર છે. વર્ષ ૨૦૧૦માં ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડ્રેશન એન્ડ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને દેશમાં લોકો ૫૦ મિલિયન લોકો ડાયાબિટીસથી ગ્રસ્ત છે. જ્યારે ચીનમાં આ આંકડો ૪૨ મિલિયન છે.

અમદાવાદ-રાજકોટમાં ૧લી મે ગુજરાતના સ્થાપના દિને રાજયકક્ષાનું સંમેલન યોજવા કોંગ્રેસની વિચારણા

ગાંધીનગર, તા. ૨૧

આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીના ભાગરૂપે ગુજરાત કોંગ્રેસ દ્વારા આગામી ૧લી મે ના રોજ એક રાજયકક્ષાનું સંમેલન યોજવા માટેની સક્રિય વિચારણા કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ડીસેમ્બર ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાનારી છે. આ ચૂંટણીઓ આડે હવે માત્ર આઠ મહીના જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે આગામી વિધાનસભા ચૂંટણી જંગ જીતવા માટે આ વખતે ગુજરાત કોંગ્રેસ દ્વારા આઠ મહીના પહેલાથી જ ચૂંટણી તૈયારીઓ આરંભી દીધી છે.

ચૂંટણીની તૈયારીના ભાગરૂપે તાજેતરમાં જ ગુજરાત કોંગ્રેસ દ્વારા રાજયના ૬ મહાનગરપાલિકા વિસ્તારો અને ૧૪૩ નગરપાલિકા વિસ્તારોમાં હિસાબ દોજવાબ દોના નારા સાથે પરિવર્તન રેલીઓ કાઢીને પ્રજા સાથે સીધો સંપર્ક સાધવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

કોંગ્રેસના કાર્યકરોમાં ઉત્સાહ જળવાઈ રહે અને ચૂંટણી કામે અત્યારથી જ લાગી જાય તે માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા વિવિધ કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા છે. આગામી ૧લી મે ગુજરાતના સ્થાપના દિને ગુજરાત કોંગ્રેસ દ્વારા આ વખતે એક રાજયકક્ષાનું વિશાળ સંમેલન યોજવાની સક્રિય વિચારણા હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કોંગ્રેસ દ્વારા આ સંમેલન અમદાવાદ અથવા રાજકોટ ખાતે યોજવા માટેની વિચારણા કરાઈ છે જોકે સ્થળ પસંદગીનો નિર્ણય આગામી એક બે દિવસમાં લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પરિવર્તન રેલીનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ રાજયના ચાર ઝોનમાં જ્ઞાતિવાર સંમેલનો યોજવા માટેની વ્યુહરચના પણ પ્રદેશ નેતાગીરી દ્વારા ઘડવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે.

આ વખતનો વિધાનસભા ચૂંટણી જંગ ગુજરાત કોંગ્રેસ માટે અસ્તિત્વનો સવાલ હોઈ પ્રદેશ કોંગ્રેસના નેતાઓ આ વખતે એક જુથ થઈ અને સર્વસંમતિથી કાર્યક્રમો નક્કી કરીને અમલમાં મૂકી રહ્યા છે અને દૂધનો દાઝયો છાશ ફુંકી ફુંકીને પીવે તે રીતે ગુજરાત કોંગ્રેસના નેતાઓ વિચારણા કરીને જ કાર્યક્રમો ઘડીને હાથ ધરતા હોવાનું જાણવા મળે છે.

શબ્દાવલી - ૪૭૦૭



આડી ચાવી

૧. બારી, હવા અવર જવર માટે રખાતું બાકુ (૪)
૪. આલિંગન, છાતી સાથે ચાંપવું (૩)
૬. કુળ, ઓલાદ (૨)
૭. પીડા, અંતરમાં ટીસ ઉપડવી (૩)
૯. યંત્ર સામગ્રી (૪)
૧૦. કામ સહિત (૩)
૧૧. ઘા, વાગ્યુ હોય તે (૨)
૧૨. દુનિયા (૩)
૧૩. અભિમાન, ગુરૂર, પ્રાઉડ (૨)
૧૪. વેચાણ, ઉપાડ (૩)
૧૫. તપ્તો, સ્ટેજ (૪)
૧૬. સ્વીકારૂ, સંઘરૂ (૨)
૧૭. મોહ, માયા, આશક્તિ (૨)
૧૮. પારકા પર આધાર રાખનાર ઘોડાની એક જાત (૩)
૧૯. તરલપણુ, તરલત્વ (૪)

ઊભી ચાવી

૧. પવન સાથે તોફાન (૪)
૨. પત્તા, ગંજીફા (૨)
૩. સુંદર કોતરણી કામ (૫)
૪. કઠીન, અઘરી (૩)
૫. છ ખૂણાવાળી આકૃતિ (૪)
૮. પિયુ, સાજન (૩)
૯. વિચાર વિમર્શ (૪)
૧૧. વ્રજ, ભૂમિ (૫)
૧૨. સર્વસત્તા આધીન રાખી વર્તનાર (૪)
૧૩. સાપ, સર્પ (૨)
૧૪. પાણીથી ઢંકાયેલો ખડક (૩)
૧૫. રોનક, રંગની છટા (૩)

શબ્દાવલી ૪૭૦૬ના જવાબ

આડી ચાવી :- (૧)રેકોરેશન (૫) લાશ (૭) ઈડલી (૮) બીસમાર (૧૦) લીલી (૧૧) ખેરાત (૧૨) વપાર (૧૪) ઓરતા (૧૫) સરસ (૧૭) ઓલવવા (૧૯) લાખુ (૨૧) જૂઈ (૨૨) તરફડાટ (૨૪) દાલચીની

ઊભી ચાવી :- (૧) ડેઈલી (૨) કોડ લીવર ઓઈલ (૩) રેલી (૪) નબીરા (૫) લામા (૬) શરમાળ (૯) સતકાર (૧૧) ખેર (૧૩) પાતાલ (૧૫) સવાર (૧૬) સલાડા (૧૮) વતની (૨૦) ખુટલ (૨૧) જુદા (૨૩) ફર્ક

વન્ય સૃષ્ટિ પરિચય (પાના નં. ૪ નું ચાલુ)

પેસિફિક મહાસાગરમાં ગુઆમ ટાપુ મહત્ત્વની જગ્યાએ આવેલ છે. અહીંયાથી ચારેય દિશાઓમાં હવાઈ તથા જળ માર્ગે આવન-જાવન મોટા પ્રમાણમાં થાય છે. પરંતુ 'બ્રાઉન ટ્રી સ્નેક' ના ફેલાવો થવાની સંભાવના હોવાથી ગુઆમથી આવતાં વાહનોનું કડક ચેકીંગ 'સાપ નથી આવી ગયો' તે માટે થાય છે. આ માટે તાલીમ બધ્ધ કૂતરાઓનો ડૉગ સ્કવૉડ સાપનું ચેકીંગ કરે છે. આ કારણે સમયનો પણ ઘણો બગાડ થાય છે. છતાં ૧૦૦ ટકા ચેકીંગ ઘણીવાર સંભવ બનતું નથી. નજીકના ઘણાં બધાં ટાપુ પર પણ હવે 'બ્રાઉન ટ્રી સ્નેક' ની હાજરી જણાઇ રહ છે.

'બ્રાઉન ટ્રી સ્નેક' થી પક્ષીઓ અને અન્ય પ્રાણીઓ લુપ્ત થવાના ભય ઉપરાંત ટાપુ પરના પરિસર તંત્રનું સંતુલન ખોરવાય તેવો ભય ઊભો થયો છે. પક્ષીઓનાં અભાવે વૃક્ષો - વનસ્પતિઓમાં ૬૦ ટકા જેટલું પરાગનયન થતું હતું તે અટકી ગયું છે. પક્ષીઓ દ્વારા જે વૃક્ષ જાતિઓના બીજ ફેલાતાં હતાં તે બંધ થતાં હવે તેવા વૃક્ષોનો નવો ઉગાવો અટકી ગયો છે. પક્ષીઓની ગેરહાજરીમાં કીટકોની સંખ્યા વધી રહી છે. તેનાથી ઘણી વનસ્પતિઓને પણ નુકશાન થઇ રહ્યું છે. આ ટાપુ પર કરોળિયાઓની સંખ્યા પણ વધી રહી છે. તેને ખાનારા પક્ષીઓ નથી. આમ, આ ટાપુની પોષણકડી, આહાર જાળ અને બધા જ ચક્રો તૂટી જવાનો સીલસીલો ચાલુ થઇ ગયો છે અને ત્યાંથી જૈવિક વિવિધતા ઘટી રહી છે.

અમેરીકન સરકાર દ્વારા મીલેટરીની મદદથી 'બ્રાઉન ટ્રી સ્નેક' હટાવવા માટેના પ્રોજેક્ટ - પ્લાન ઘટાઇ ચૂક્યા છે. મરેલા ઉંદરોને ઝેરવાળા કરી જંગલોમાં નંખાઇ રહ્યા છે, પરંતુ આ પ્રયોગ નિષ્ફળ નિવડેલ છે. કારણ કે આ સાપ મોટા ભાગે વૃક્ષો પર રહે છે અને મરેલા શિકાર ખાતો નથી. સાપ મારવા માટે માનવ રહિત વિસ્તારોમાં બૉમ્બમારાનો અખતરો પણ કરવામાં આવ્યો જે નિષ્ફળ નિવડેલ છે.

આપણે માનવો એક જગ્યાના પ્રાણીઓ કે વનસ્પતિને બીજી જગ્યાએ લઇ જઇને ઉગાડવા કે વસાવવા માટે પ્રયત્નો કરીએ છીએ પણ કુદરતના આ સંતુલિત માળખામાં એક નાના સાપ દ્વારા કેટલો મોટો ભય પેદા થયો છે, તેનું ઉદાહરણ શાનમાં સમજી જવા માટે પૂરતું છે.

- hmtsuthar@gmail.com

આજે વિશ્વ પૃથ્વી દિવસ

આવો, આપણે સૌ સાથે મળી
જીવન રક્ષા માટે
પૃથ્વીની રક્ષા કરીએ...

આપણા જિલ્લાના પ્રવાસધામો (પાના નં. ૪ નું ચાલુ)

શ્રી શંકરસિંહ વાઘેલાનાં અધ્યક્ષ સ્થાને રચાયેલું ટ્રસ્ટ- વૈદ્યનાથ મહાદેવ ટ્રસ્ટ અને સમર્પણ સેવા ટ્રસ્ટ નિસ્પૃહ ભાવે લોકહિતાર્થે મંદિરને નવી ઓપ આપી રહ્યું છે. અંબાજી જતાં પદયાત્રીઓ માટે પણ સેવા કેન્દ્ર ચાલે છે. સાથો સાથ ધાર્મિક અને સંસ્કારિક પ્રવૃત્તિનું ધામ પણ બની રહ્યું છે. આ પંથકનાં લોકજીવનમાં શ્રદ્ધા અને ભક્તિનું કેન્દ્ર વાસણિયા મહાદેવ દર્શનીય તીર્થધામ બની રહ્યું છે.

મો. ૩૮૯૩૦૫૩૪૩૯